


## સલામી સવારની..

*ચોરી અને લૂંટફાટથી સુરક્ષા છે વાઈબ્રંટ!*
*બંદોબસ્તમાં વ્યસ્ત પોલીસ પણ છે વાઈબ્રંટ!*
*મહાત્મા મંદિર સુધીનો જ માર્ગ છે વાઈબ્રંટ!*
*સદા નિષ્ક્રીય અધિકારીઓ પણ છે વાઈબ્રંટ!*
*(સૌ કોઈ ધ્રૂજે છે)*

### હાઈકુ

*નેતા ની જેમ!*
*હવે લપસી પડે -*
*વિમાનો પણ...*

*સાહેબો જેમ,*
*ઉતરી જાય પાટા -*
*લ્યો ! ટ્રેનો પણ...*

## ચિંતન

**॥ પરદ્રવ્ય હરણં અપરાધં ॥**

પારકા દ્રવ્યની ચોરી એ અપરાધ છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કોઈના ધન ને હડપ કરી જવું એ સૌથી મોટો અપરાધ છે. સત્તા સ્થાને બેઠેલાઓ લોકોની લક્ષ્મી આડે હાથે લે છે, હડપ કરે છે એ સૌથી ભયંકર અપરાધ છે.

આજે તો કોઈની જમીન પચાવી પાડી બરોબર વેંચી નાખવી, ઠગ લોકો બમણાં, તમણાની સ્કીમનું આયોજન કરી ગરીબ-નિષ્ઠાવાન લોકોનાં નાણાં હડપ કરી જવા, સરકારી કામકાજમાં સરકારી નાણાં મેળવવા 'કૌભાંડો' કરી 'તિજોરી'ને નૂકશાન પહોંચડવામાં - લોકો, નાગરિકો, કર્મચારીઓ દેખીતી લૂંટ ચલાવે છે.

આવાં અપરાધ કાર્યો અધમ-પાપી ગુન્હો છે. ઈશ્વરને ઘેર ન્યાય છે એ જ આજ નહીં કાલ કે આવતી કાલે (બીજા જન્મોમાં) એની સજા જરૂર ભોગવવાની આવશે જ.

## સુવિચાર

- આપણા કાર્યના પ્રકાશમાં હંમેશા એક ડાઘ હોય છે અને તે આપણી જ છાયા હોય છે - **એમર્સન**
- ભાવનાની મૌલિક રંગોળી એટલે કવિતા - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાના સદ્‌ગુણ બીજાને સાબિત કરે તે કનિષ્ઠ,
  જે દેખાડે નહિ તે મધ્યમ અને જે ઢાંકી રાખે તે ઉત્તમ - **ગુણાતિતાનંદ સ્વામિ**
- કોઈ પણ ગરીબ આળસુ માણસ પ્રમાણિક ન હોઈ શકે - **રામકૃષ્ણ પરમહંસ**
- તમારાં સંતાનોને યુવાનીમાં ભણાવો,
  જેથી તમારી વૃદ્ધાવસ્થામાં તેઓ તમને ભણાવે નહીં - **ઈઝરાયેલી કહેવત**
- મુક્તપણે ઔચિત્ય વિષયક ચર્ચા કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ સમસ્યાનું સમાધાન ન થઈ શકે - ***હેનરી ફોર્ડ***
- આજનું ઔષધ : વારંવાર પેસાબ કરવા જવું પડતું હોય તો અજમો અને તલ ભેગા કરીને ખૂબ ચાવીને સવાર સાંજ ખાવાથી આરામ મળે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સંત ફ્રાંસીસ સંપૂર્ણ ત્યાગી, ઈશ્વરશ્રદ્ધા અને ઈશ્વરની પરમકૃપા પર વિશ્વાસ રાખનારા સાચા સંત હતા. તેઓની પાસે એક માત્ર દળદાળ અને ખૂબ ગમતો બાઈબલ ગ્રંથ સિવાય કંઈ જ ન રાખતા - પૈસા તો નહીં જ.

એક દિવસ એક ભિખારણ બાઈ એમની સામે આવીને ઊભી રહી કહ્યું - મેં કાલનું કંઈ જ ખાધું નથી મને કંઈ આપો!

સંત ફ્રાંસિસ પાસે પૈસા તો હતા જ નહીં - તે સ્ત્રીને લઈ એક પુસ્તક વેંચી જે પૈસા આવ્યા તે પેલી સ્ત્રીના હાથમાં આવ્યા - સ્ત્રીની આંખમાં બાઈબલનું સર્વ જ્ઞાન આવ્યું હોય એવી ચમક પૈસા મળતાં આવી.

સંતને એ જોઈ આનંદ થયો અને પછી ધૂંટણિયે પડી ઈશ્વરને પ્રાર્થના કરી - હે પ્રભુ! તારા શબ્દોનું પાલન કરવા માટે મેં તારા આદેશોના શબ્દનો ગ્રંથ વેંચી નાખ્યો! મારી ભૂલ થઈ હોય તો ઈશ્વર મને માફ કરજે!

# ઉત્તરપ્રદેશમાં શાસક સમાજવાદી પાર્ટી હાલકડોલક

### તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશની યાદવાસ્થળી હવે એના નિર્ણાયક તબક્કે પહોંચી ગઈ છે. કયારેક દેશના વડાપ્રધાનપદનાં સપનાં જોનારા 'નેતાજી' ઉર્ફે મુલાયમસિંહ યાદવ માટે એમના કુટુંબમાં જ સરજાયેલી આ કલેશકર પરિસ્થિતિ નરી આંખે જોવી પડે છે. ત્યારે સ્વાભાવિક રીતે જ એમને દ્વારિકાધિશ શ્રી કૃષ્ણની યાદ આવતી હશે. મુલાયમસિંહ અને લાલુપ્રસાદ પોતાને યાદવ તરીકે કૃષ્ણના જ વંશજ ગણાવતા રહે છે. જો કે હકીકત તો છે કે શ્રીકૃષ્ણની હયાતીમાં જ એનો દ્વારિકાસ્થિત વંશવેલો સમાપ્ત થઈ ગયો હતો. મુલાયમસિંહે આપબળે ઉત્તરપ્રદેશ જેવા હિંદુસ્તાનના હૃદયપ્રદેશ પર એકચક્રી શાસન સ્થાપ્યું તે લોકશાહીમાં સાધારણ માનવીની રાજકીય સિદ્ધિનું એક જ્વલંત ઉદાહરણ હતું. મૂળે મુલાયમ સમાજવાદી પાર્ટીના પ્રખર વિચારપુરુષ ડૉ. રામમનોહર લોહિયાના અનુયાયી. એમને થોડો ચરણસિંહનો રાજકીય વારસો પણ મળ્યો - કિસાન નેતા તરીકે. મુલાયમ હતા તો પહેલવાન, વળી અંગ્રેજીના શિક્ષક; પરંતુ એમની હિંદી ભાષા તરફની સમર્પણ ભાવના અને 'ડાઉન ટુ અર્થ' પ્રતિભાને કારણે તેઓ કિસાન સમુદાય જેટલા જ લઘુમતી સમુદાયમાં પણ સ્વીકૃત બન્યા. ઉત્તરપ્રદેશ પર જ્ઞાતિવાદી રાજકારણનો વિજયધ્વજ લહેરાયો. કાંશીરામ - માયાવતીનું દલિત કાર્ડ પણ મુલાયમના જ પગલે વિકસ્યું. આથી ઉત્તરપ્રદેશને મોટો ઘસારો પડ્યો પરંતુ પરંતુ હિંદુત્વના મુદ્દે બાબરી રામજન્મભૂમિ વિવાદ વકરતાં ભારતીય જનતા પાર્ટીએ એનો પ્રભાવ ઊભો કર્યો. અત્યારે ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પૂર્વે શાસક પક્ષ સમાજવાદી પાર્ટીમાં ભારે આંતરકલહ પ્રવર્તી રહ્યો છે. પ્રજાએ પાંચ વર્ષ પૂર્વે અખિલેશ યાદવ જેવા સાઈકલ પ્રવાસી નેતા અને હેલિકોપ્ટરમાં ઊડતા રાહુલ ગાંધી અને માયાવતી જેવા નેતાઓ વચ્ચેથી અખિલેષ પર પસંદગી ઉતારી હતી. અખિલેશ ઉચ્ચાભિલાષી સમર્થ યુવકનેતા પુરવાર થઈ શકે એવી ગુંજાયેશ પણ હતી. પરંતુ એમનો પરિવાર - સવિશેષ જેમને મુખ્યમંત્રીપદની અપેક્ષા હતી એવા સગા કાકા શિવપાલ યાદવ જ આડા ફાટ્યા. સિનિયર મંત્રી આઝમખાં પણ અખિલેશના હાથ નીચે કામ કરતાં ખંચકાટ અનુભવતા રહ્યા. છેલ્લે તો પરિવારનો કલહ સપાટી પર આવી ગયો અને 'ટોક ઑફ ધિ ટાઉન' ન રહેતાં સમગ્ર ઉત્તરપ્રદેશની વિડંબના બની રહ્યો. આ પરિસ્થિતિ સુધારવામાં પરિવારના વડીલ મુલાયમસિંહે વારંવાર દખલ અંદાજી કરી, પરંતુ એમને દરવખતે પુત્રમોહનો આપેક્ષ ન થાય એની ફિકર રહ્યા કરી. પરિણામે શિવપાલ યાદવનું વહેવારું રાજકારણ જ એમને માન્ય ઠેરવી પુત્ર અખિલેશના આદર્શવાદી અભિગમનો વિરોધ કરવો પડે એવી સ્થિતિ સરજાઈ. આજે ઉત્તરપ્રદેશની સમાજવાદી પાર્ટી ફરી એક વાર એ જ જૂના જોગીઓ, ગેંગસ્ટરો અને ગુંડા ટોળકી હસ્તક થઈ ગઈ હોય એવી સ્થિતિ વરતાઈ રહી છે. સામે ભારતીય જનતા પાર્ટી જેવો રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયેલો પક્ષ પડકાર બની શકે એમ છે. તો વળી કોંગ્રેસ માટે પણ ઉત્તરપ્રદેશની ચૂંટણી એ રાષ્ટ્રીય સ્તરે કમબેક કરવા માટેનું ઉત્તમ પ્લેટફોર્મ છે. ઉત્તરપ્રદેશનો ગઢ સાચવી લેવા માટે મુલાયમસિંહ એડી ચોટીનું જોર લગાવશે. એમણે ગત લોકસભામાં પાર્ટીની દુર્દશા જોઈ છે. એ પછી થયેલી પેટા ચૂંટણીઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં પાર્ટીનું પરફોર્મન્સ સુધર્યું પણ છે. પરંતુ બિહારમાં થયું એવું ભાજપ વિરોધી કે મોદી વિરોધી ગઠબંધન ઉત્તરપ્રદેશમાં થઈ શકે તેમ નથી, તે બધા જામે છે. આવા સંજોગોમાં કોંગ્રેસની એ દિશામાં પહેલ પણ નિષ્ફળ જઈ રહી હોય એવાં એંધાણ વરતાઈ રહ્યા છે. સમાજવાદી પાર્ટી કોંગ્રેસ સાથે સમાધાન કરશે, એવી શક્યતાઓને ખુદ મુલાયમસિંહ અને ઉત્તરપ્રદેશ પ્રમુખ શિવપાલ યાદવે નકારી કાઢતાં હવે અખિલેશ યાદવની રાજનીતિ પણ ખોરંભાશે, કારણ કે પરિવાર વિરુદ્ધ બળવો કરી આગવું રાજકીય પરિબળ ઊભું કરવા કરતાં તે ચૂપચાપ આ ચૂંટણીઓમાં પરિણામો જોવાનું જ પસંદ કરશે. શિવપાલ યાદવે અખિલેશ યાદવના વફાદાર સાથીઓનાં પત્તા કાપીને જે રાજકારણ ખેલ્યું છે, તેની સામે અખિલેશ એમને કેવું અને કેટલું રક્ષણ આપી શકશે તે પ્રશ્ન જ છે.

# ગણેશ તારાં રખવાળા...!




યુદ્ધ દરમિયાન કવચ સૈનિકનું શત્રુના શસ્ત્રપ્રહાર સામે રક્ષણ કરે છે. સ્તુતિઓમાં કવચ એક પ્રકાર છે. પોતાના ઈષ્ટદેવની કૃપા આપત્તિઓ સામે કવચ બનીને રક્ષા કરે. જેમ કે દેવીકચવ, સૂર્યકવચ, તુલસીકવચ. આ રીતે કશ્ય મુનિએ ૨૭ શ્લોકમાં 'ગણેશકવચ'ની રચના કરી છે. કશ્યપ પોતે ગણેશનું સ્વરુપ છે.

દેવી પાર્વતીએ એક વાર મહર્ષિ કશ્યપને રજૂઆત કરી; 'મારો આ બાળક ગણેશ સાહસી અને પરાક્રમી છે. એ દૈત્યોને ખૂબ રંજાડે છે. દૈત્યો દુષ્ટ અને વેરીલા છે. તેમ આના ગળામાં કંઈક બાંધી આપો; જેનાથી આ સુરક્ષિત રહે.'

કશ્યપે માતાની ઈચ્છા પૂરી કરી આપી. ગણેશ વિઘ્ન વિનાશક છે. આથી હવે કશ્યપે જનસામાન્ય માટે - એમના કલ્યાણ માટે - ગણેશ કવચની રચના કરી. ખરેખર તો આ સૂચના ગણેશે જ માંડવ્ય ઋષિ સાથે મોકલેલું.

ગણેશનાં જુદાં જુદાં સ્વરુપો રક્ષણ કરે છે - આ વિચારસૂત્ર છે.

(૧) કયા યુગમાં કયા સ્વરુપની ઉપાસના કરવી?

સતયુગમાં સિંહ પર બેઠેલા દિગ્‌બાહુ - દિશાઓમાં ફેલાયેલા બાહુઓ વાળા. ત્રેતાયુગમાં મયૂર ઉપર બેઠેલા ષડ્‌બાહુ - છ હાથ વાળા. દ્વારપયુગમાં હાથી ઉપર બેઠેલા યુગભૂજ - ચાર હાથવાળા. કળિયુગમાં બધા કાર્યો પૂરાં કરી આપનારા - દ્વિભુજ - બે હાથવાળા.

(૨) ગણેશનું કયું સ્વરૂપ કયા અંગનું રક્ષણ કરે?

વિનાયક - વિશિષ્ટનાયક - શિખાનું. અતિસુંદર કાયા - મસ્તકનું. કશ્યપ - પાશની પાલન કરનારા - લલાટનું મહોદર - ભ્રમરોનું - ભાલચંદ્ર - આંખનું. ગજાસ્ય - ગજ વદન - હોઠનું. ગણાક્રીડ - ગણો સાથે ખેલનારા - જિહ્‌વાનું ગિરિજાસુત. હડપચીનું. વિનાયક - વાણીનું, દુર્મુખ - દાંતનું. પાશ પાણિ - કાનનું. ચિંતિતાર્થદ - ઈચ્છાપૂરી કરનાર - નાસિકાનું. ગણેશ - મુખનું - ગણંજય - કંઠનું. ગજસ્કંધ - ખભાનું. વિઘ્વવિનાશન - છાતીનું. ગણનાથ - હૃદયનું. હેરંબ - પાર્વતીપુત્ર - જઠરનું. ધરાધર - પડખાનું. વિઘ્વહર - પીઠનું. ગણક્રીડ - જાનુંજંઘાનું. મંગલમૂર્તિ - ઉરુનું. એકદંત - પગોનું. ક્ષિપ્રપ્રસાદન - જલદીથી રાજી થઈ જાય - બાજુનું - આશાપ્રપૂરક - હથેળીનું. પદ્મહસ્ત - આંગળીનું. અરિનાશન - નખનું. મયૂરેશ - સ્વ અંગોનું. ધૂમ્રકેતુ - રગી ગયા, તે અંગોનું.

(૩) કયું સ્વરુપ કઈ દિશામાં રક્ષણ કરે?

આમોદ - આનંદ આપનારા - આગળથી. પ્રમોદ - પાછળથી

બુદ્ધીશ - પૂર્વમાં સિદ્ધિદાયક - અગ્નિમાં - ઉમાપુત્ર - દક્ષિણમાં

ગણેશ્વર - નૈઋત્વમાં. વિઘ્ન હર્તા, પશ્ચિમમાં, ગજ કર્ણક - વાયવ્યમાં - નિધિપ - સંપત્તિ સાચવતા - ઉત્તરમાં ઈશનંદન - શિવપુત્ર - ઈશાનમાં.

(૪) કયા સમયે કયું સ્વરૂપ રક્ષણ કરે?

એકદન્ત - દિવસે. વિઘ્નહર્તા - સાંજે અને રાતે

(૫) સર્વાયુધધર - બધા શસ્ત્રોધારણ કરનારા - જ્ઞાન, ધર્મ, લક્ષ્મી, લજ્જા, કીર્તિ, કુળ, ધન, ગૃહનું.

(૬) મયૂરેશ - સમગ્ર પરિવારનું

(૭) કપિલ અને વિકટ - આશ્રિત પશુપ્રાણીનું.

આ ગણેશકવચ છે, કશ્યપે હેલું છે.

સવાર-બપોર-સાંજ આનો પાઠ કરવાથી શરીર મજબૂત બને છે. યાત્રા સમયે પાઠ કર્યો હોય તો કામ પુરું થઈ જાય છે. યુદ્ધ સમયે પાઠ કર્યો હોય ચોક્કસપણે વિજય મળે છે. એકવીસ દિવસ આનો પાઠ કર્યો હોય તો એનું પળ ચોક્કસ મળે જ છે - આમાં શંકા કરવી નહિ. રાજાની સભામાં જતી વખતે પાઠ કર્યો હોય તો રાજાને વશ કરી શકાય, સભાને જીતી શકાય. આ ગણેશકવચનો શ્રદ્ધાથી પાઠ કર્યો હોય તો કોઈ આપત્તિ કયારેય આવતી નથી.

# કયું પર્વતીય સ્થળ ક્વીન ઓફ હિલ સ્ટેશન તરીકે ઓળખાય છે ?




## ભારતની ભૂગોળ

(૧) શિકારી દેવી વન્ય અભ્યારણ્ય કયાં આવેલું છે ?
(અ) મયૂર ભંજ, ઉડીસા (બ) મંડી, હિમાચલ પ્રદેશ
(ક) ભરતપુર, રાજસ્થાન (ડ) ગીર, ગુજરાત

(૨) ભારતનું સૂદૂર પશ્ચિમત્તમ બિન્દુ કયું છે ?
(અ) સિરક્રિક (બ) વાંગાલૂ
(ક) ઈન્દિરા કાલ (ડ) ઈન્દિરા પોઈન્ટ

(૩) ઝારખંડ રાજયની રચનામાં કયા રાજયનો ભાગ લેવામાં રાખ્યો નથી?
(અ) ઉત્તરપ્રદેશ (બ) મધ્યપ્રદેશ
(ક) બિહાર (ડ) આંધ્રપ્રદેશ

(૪) કયું પર્વતીય સ્થળ કવીન ઑફ હિલ સ્ટેશન તરીકે ઓળખાય છે ?
(અ) ખજ્જિયાર (બ) કુલુ મનાલી
(ક) આબુ (ડ) ગુલમર્ગ

(૫) નીચેના કયા સ્થળે રેલવેના ડબ્બા બનાવવાનું કારખાનું છે ?
(અ) કપૂરથલા (બ) પેરામ્બૂર
(ક) પિંઝોર (ડ) કરનાલ

(૬) હરિયાળાનું કયું શહેર વૈજ્ઞાનિક ઉપકરણોની બનાવટ માટે જાણીતું છે ?
(અ) ફરિદાબાદ (બ) ચંદીગઢ
(ક) પિંજરો (ડ) અંબાલા

(૭) તિસ્તા જલવિદ્યુત પરિયોજના કયા રાજયમાં છે ?
(અ) સિક્કિમ (બ) મણિપુર
(ક) નાગાલેન્ડ (ડ) અસમ

(૮) રાણી લક્ષ્મીબાઈ સાગર પરિયોજના કઈ નદી પર છે ?
(અ) બેતવા (બ) રાવી
(ક) હુગલી (ડ) ચિનાબ

(૯) નકસલવાદી હુમલાને લીધે ચર્ચામાં રહેલું દંતેવાડા કયા રાજયમાં આવેલ છે?
(અ) ઝારખંડ (બ) છત્તીસગઢ
(ક) હિમાચલપ્રદેશ (ડ) બિહાર

(૧૦) આંધ્રપ્રદેશનું કુડુપ્પા શાના ઉત્પાદન માટે જાણીતું છે?
(અ) શેરડી (બ) બીટ
(ક) હળદર (ડ) ગૂગળ

(૧૧) દેશનું પ્રથમ ટેલિફોન બનાવવાનું કારખાનું કયા સ્થળે સ્થાપવામાં આવ્યું હતું?
(અ) હૈદ્રાબાદ (બ) બેંગલોર પાસે દુરાવણી
(ક) નાગપુર (ડ) પૂના

(૧૨) એશિયાનું પ્રથમ સમુદ્રી તરંગ આધારિત વિદ્યુત ઉત્પાદન કેન્દ્ર કયાં સ્થાપવામાં આવ્યું છે?
(અ) વિઝીનજમ (કેરલ) (બ) કાઝીકોડ (કેરલ)
(ક) ઉડુપ્પી (કર્ણાટક) (ડ) કારવાર (કર્ણાટક)

(૧૩) ભારતમાં સૌ પ્રથમ સૂર્યોદય કયા રાજયમાં થાય છે ?
(અ) મેઘાલય (બ) અરૂણાચલ પ્રદેશ
(ક) મિઝોરમ (ડ) નાગાલેન્ડ

(૧૪) કઈ નદી વુલર સરોવરમાં થઈને પ્રવાહીત થાય છે ?
(અ) ઝેલમ (બ) રાવી
(ક) સતલજ (ડ) સિંધુ

(૧૫) એશિયાનું પ્રથમ સમુદ્રી જીવમંડળ સંરક્ષણ ક્ષેત્ર કયાં આવેલું છે?
(અ) પિરોટન ટાપુ (બ) મનારની ખાડી
(ક) બંગાળની ખાડી (ડ) ખંભાતનો અખાત

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૩૦ ડિસેમ્બર ૧૯૩૧ : સર જહોન હગસ્ટોન :** વેલ્સના વતની અને મીટીરીયોલોજીસ્ટ, કાર્બન ડાયોકસાઈડ ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે, તેવું ૧૯૬૦માં સાબિત કરનાર
- **૩૦ ડિસેમ્બર ૧૮૮૩ : વિલિયમ એચ. પાર્ક :** અમેરીકન ફીઝીશીયન તથા બેકટેરીયોલોજીસ્ટ, માનવીઓમાં થતા સામાન્ય રોગોનાં નિદાન, ઉપચાર માટે ટેકનિક વિકસાવનાર
- **૩૧ ડિસેમ્બર ૧૮૧૬ : સર વિલિયમ ગેયવેલ ગુલ :** ઈંગ્લીશ ફીઝીશિયન. ૧૯૭૨માં બોરોનેટનું સર્જન કરનાર
- **૧ જાન્યુ. ૧૮૯૪ : સત્યેન્દ્રનાથ બોઝ :** ભારતીય ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી. આલ્બર્ટ આઈન્સ્ટાઈન સાથે કામ કરનાર, સ્ટ્રેટેસ્ટીકલ ક્વૉન્ટમ મિકેનીકલ થિયરી પર સંશોધન કરનાર
- **૧ જાન્યુ. ૧૮૮૪ : ફિલીપ એડવર્ડ સ્મીથ :** અમેરીકન એન્ડોક્રાયનોલોજીસ્ટ, પિટ્યુરીટી ગ્રંથીનું શું મહત્ત્વ છે તે સાબિર કરનાર.
- **૧ જાન્યુ. ૧૮૭૯ : એલ્બર્ટ હોલ્સ ટેલર :** અમેરીકન ભૌતિકશાસ્ત્રી અને રેડિયો એન્જીનીયર 'ફાધર ઑફ નેવી' રડાર' તરીકે જાણીતા થયા.
- **૨ જાન્યુ. ૧૮૮૨ : હેનરી એ. ગ્લીયોસન :** અમેરીકન બેટાનીસ્ટ, ન્યૂયોર્ક, બોટાનીકલ ગાર્ડનમાં ૩૨ વર્ષ સેવા આપનાર, સંસોધન કરનાર
- **૨ જાન્યુ. ૧૮૭૨ : એલ્બર્ટ સી. બર્નેસ :** અમેરીકન કેમીસ્ટ, 'એન્ટી સેપ્ટીક આર્જીરોલ' શોધનાર
- **૪ જાન્યુ. ૧૮૬૦ : કાર્લ હુમન :** જર્મન એન્જીનીયર અને આર્કીયોલોજીસ્ટ, પ્રાચીન ગ્રીક શહેરો પર સંશોધન કરનાર
- **૪ જાન્યુ. ૧૮૧૩ : સર ઈસાક પિરમાન :** ઈંગ્લીશ સંશોધન ફોનેટીક શોર્ટહેન્ડ સિસ્ટમ શોધક
- **૫ જાન્યુ. ૧૮૭૪ : જોસેફ અલેઝ્ઝર :** અમેરીકન ફીજીયોલોજીસ્ટ, શરીરના એક જ ચેતાતંતુ દ્વાર ઘણા બધા સંદેશા વહન થતા હોય છે. તે શોધનાર.
- **૫ જાન્યુ. ૧૮૮૮ : કિન્ગ. સી.ગિલેટ :** અમેરીકન સંશોધન અને ઉત્પાદક, સેફટી રેઝર તથા ડિસ્પોઝલ બ્લેડ શોધનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : એમ.જી. રામારાવે તમિલનાડુમાં કયા પક્ષની રચના કરી હતી?**

**જવાબ : એ.આઈ.એ.ડી.એમ. કે. રાજકીય પાર્ટી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : ઈન્ફોસીટી, જુ.સા.કૉલેજ
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) ધાર્મિક શૈલેષ પટેલ : ધોળેશ્વર પાસે, ગાયત્રી રેસી.

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**નવજોધ સિંધુ તાજેતરમાં કયા પક્ષમાં વિધિવત જોડાઈ ગયા?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

[illegible]

# માનસિકતા અને રોગ




૩૦ તારીખ અને શુક્રવાર કમલ ભાઈ સવારે ૫:૩૦ વાગ્યે પથારી માંથી ઉભા થઇ ગયા માનસી પૂજા કરી, વિચારો કર્યા, મનોમંથન કર્યું બગીચામાં સારી એવી ઠંડી હતી સૂર્ય સોળે કળા એ ખીલવાની તૈયારી કરી રહ્યો હતો.દરેક ઝાડ અને પાન પર ઝાકળ ના બિંદુઓ મોતીની જેમ મહેકતા હતા .

આછા આછા સૂર્ય પ્રકાશમાં ખુબ દિલ મોહક લાગતા હતા.થોડીક ક્ષણોમાં ઝાકળ પાંદડા ઉપર ના રજકણ લઈ ને નીચે જમીન ઉપર પછડાઈ ગયા અને જમીન માં ખોવાઈ ગયા જાણે કે પોતાનું અસ્તિત્વ જમીનને સમર્પિત કરી દીધું કમલ ભાઈ આ બધી ઘટના ના સાક્ષી બન્યા એમને એમની માનસી પૂજામાં ભગવાનને પ્રશ્નો પૂછ્યો? ભગવાન તો પછી આ ઝાંકળ જામવાનું અને જીવન ને સમર્પિત કરવાનું કઈ ખબના પડી માનસી પૂજામાં ભગવાન મહાવીરે જવાબ આપ્યો કે હે વત્સ મનુષ્ય જીવન પર ઝાકળ સમાન છે કોઈ પણ કારણ વગર પૃથ્વી પર આવાનું, તમારું કુટુંબ આજુબાજુનો સમાજ અને આખી દુનિયાને રાજી કરવાની એમને માટે કામ કરવાનીને સમય આવે જમીનમાં પોતાનું અસ્તિત્વ સમાવી દેવાની ઘટના બહુ સામાન્ય છે પણ વેદના તો એ ઝાકળ ને થાય એ કોને ખબર?? એટલેકે ઝાકળનું બિંદુ જ જાણે. જન્મ લેવાનું, બાળપણ વીતાવાનું, યુવાન અવસ્થામાં આવાનું જવાબદારી નિભાવાની, ઘરડા થવાનું અને પછી આપનું અહિયાં કોઈજ નથી એમ જમીનમાં કોઈ બીજા ગ્રહ માંથી આવ્યા હોય એમ જમીનમાં સમાવી જવાનું કમલ ભાઈ એ ભગવાન ને પ્રશ્ન પૂછ્યો તો હે ભગવાન આટલી બધી જવાબદારી માં તમે શરીર ને શું કરવા કષ્ટ આપો છો? કોઈને ડાયાબીટીસ, કોઈને બ્લડપ્રેસર,શારીરિક ખામીઓ, પોલીયો , આંખ ના હોવી અને કેટલી અસંખ્ય તકલીફો હોય છે ઘણી તકલીફો જીવન ની શરૂઆત થી હોય છે અને ઘણી તકલીફો જીવનના અમુક સમય પછી આવે છે કોઈને બ્લડ કેન્સર થાય છે, કોઈને ગર્ભાશયનું કેન્સર થાય, કોઈને ગળાનું કેન્સર થાય કોઈને પ્રોસ્ટેટનું કેન્સર થાય કોઈને લીવરનું કેન્સર થાય, કોઈ ને અચાનક HIV થઈ જાય, કોઈને ન્યુમોનિયા થઈ જાય તો હે પ્રભુ આ બધું શા માટે કહેવાય છે કે પૃથ્વી પર જીવી રહેલો દરેક જીવ અથવા દરેક આત્મા એ ભગવાન ની સંતાન છે.તો ભગવાન પિતા -માતા હોય તો પોતાના સંતાનને દુખી કેવી રીતે જોઈ શકે? અથવા તો દુ:ખ કેમ આપે?ત્યારે માનસીપૂજા માં ભગવાને કમલ ભાઈ ને જવાબ આપ્યો કે દરેક જીવ,દરેક આત્મા મારુજ સંતાન છે બધાજ આત્મા અને બધાજ જીવ મને પ્રિય છે પણ કમલ તું એમ ના માંન કે હું એલોકોને દુખ આપું છું એતો માત્ર મારી કસોટી હોય છે કમલ તું જેવું વિચારે છે એવું વિચારવાની શક્તિ પણ બહુજ લોકો માં છે કમલે પૂછ્યું કે હે ભગવાન તો આવું વિચારવાની શક્તિ અમુક જ આત્મા માં આપો છો ત્યારે ભગવાન મહાવીર હસતા હસતા બોલ્યા ના કમલ શક્તિ તો હું બધાને સરખીજ આપું છું પણ બહુજ ઓછા લોકો આ શક્તિ નો ઉપયોગ કરી શકે છે. કમલ તારીજ વાત કર તને વધારે પડતો ડાયાબીટીસ છે છતાં પણ તું તારી મસ્તીમાં છે તે ક્યારેય પણ ફરિયાદ નથી કરી કે હે મહાવીર સ્વામી તમે મને કેમ ડાયાબીટીસ આપ્યો?

તું હમેશા હસતો રહે છે, હસાવતો રહે છે અને બુજા ના દુખ માટે તારાથી બનતું બધુજ કરવા તું હમેશા તૈયાર હોય છે તું નથી જોતો દિવસ કે રાત છતાં પણ તું બીજાના દુખ દુર કરવા હમેશા પ્રયત્ન કરે છે તને પોતાને ડાયાબીટીસ છે તેમ છતાં બીજા ના ડાયાબીટીસ કેમ મટે અથવા તો કેમ કંટ્રોલ માં રહેઅને તેને લીધે તેની અસર તેના જીવન પર તેના કુટુંબ પર ના પડે માટે સદાય તું તત્પર રહે છે ,તું મેડીકલ કેમ્પ કરે છે દવાઓ નું મફત વિતરણ કરે છે ધન્ય છે કમલ તને ,મેં શક્તિ તો બધાને સરખી આપી છે છતાંપણ તું બધાના દર્દ ને સહજ માં લઈબીજાનું દુખ મટાડવા હસતો હસતો દોડે છે તું મારા અંગત ભક્તો માનો એક છે.

આપણે જોઈએ છે કે સમાજમાં બે પ્રકાર ના મનુષ્ય જોવા મળે છે એક ઘણી બધી તકલીફો હોવા છતાં સદાય આનંદમાં રહેતા અને બીજાને આનંદ કરાવતા અને બીજી પ્રકાર ના મનુષ્ય જેઓ ને મામુલી તકલીફ હોય છે છતાં પણ એટલે બધા દુખી હોય છે જેઓ પોતે દુખી રહે છે પોતાના કુટુંબી જનો ને દુખી કરે છે સમાજના બીજા માણસો ને પણ દુખી કરે છે જેને કહીએ નકારાત્મક(NEGATIVE) માનસિકતા અમારા એક મિત્ર જેમને ડાયાબીટીસ પોઝીટીવ આવ્યો એટલે કે ભૂખ્યા પેટે ૩૦૦ અને જમ્યા પછી ૫૮૦ મિલીગ્રામ અને HBA1c ૧૩.૯ આવ્યું સમાજ નું બહુ આગળ પડતું નામ છે એનું નામ લખાય એવું નથી પણ એ રીપોર્ટ જોઈને ધ્રુસકેને ધ્રુસકે રડી પડ્યા.ડોકટરે રડવાનું કારણ પૂછ્યું અલ્યા ભાઈ ડાયાબીટીસ તો અત્યારે ઘણા બધાને હોય છે તો રડવાનું કારણ શું છે? અમારા મિત્ર એ રડતા રડતા જ કહ્યું અત્યારે સુધી હું એક કિલો પેંડા એકી સાથે ખાઈ શકતો હતો પણ હવે હું નહિ ખાઈ શકું એટલે મને રડવું આવે છે અમારા એક મિત્રને બાળપણ થી જ બંને પગે લકવો છે છતાં પણ હસતા હસતા બે પગે ચાલતા માનવીને શરમાવે એવા કામ કરે છે લોકોને પોતાના દુખને કેવી રીતે લેવું એજ સમાજ શક્તિ હોવી જોઈએ મતલબ દર્દ તમને ગમેતે થાય પણ

અનુસંધાન પાના નં. ૭ પર